


## માઉન્ટ આબુમા ભીષણ આગ : આગ ઠારવા એરફોર્સ દ્વારા ૪ લાખ લીટર પાણી છંટાયું

આબુના પવેતીય વિસ્તાર મા વિનાશક આગ લાગતા ઈન્ડિયન એર ફોર્સનુ એમ.આઈ. ૧૭વી -૫ હેલીકોપ્ટર ના ગફલાએ આગ ને બુઝાવી હતી વિગ કમાન્ડર વી.થીયા ગેરા મેન અને સકોટન લીટર પ્રવિણ તિવારીના નેજા હેઠળ રવિવારે જગંલ મા લાગેલી આગને બુઝાવવા માટે એર ફૉસના બે હેલીકોપ્ટર છેલ્લા ત્રણ દિવસમા ૧૪૪ શટલ લગાવી ને કુલ ૪ લાખ લીટર પાણીનો છંટકાવ કર્યો હતો જો કે ૫૦ હેકટર થી વધુ જમીનમા લાગેલ ભીષણ આગથી ભારે નુકસાન થવા પામ્યુ છે અનેક પશુ પક્ષીઓ ના મોત નિપજ્યા હોવાનુ અનુમાન છે.

## ગુજરાત કોંગ્રેસમાં કોઈ જૂથવાદ નથી : કોઈ પણ નિર્ણય હાઈકમાન્ડ લેશે : અહેમદ પટેલ

ગુજરાત કોંગ્રેસમાં કોઈ જ જૂથવાદ નથી. કોંગ્રેસના નેતૃત્વ સહીતના કોઈ પણ નિર્ણય હાઈકમાન્ડ લેશે એમ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને કોંગ્રેસ પ્રમુખના રાજકિય સલાહકાર અહેમદ પટેલે જણાવ્યું હતું.

ગુજરાત કોંગ્રેસના પ્રભારી ગુરૂદાસ કામત ગુજરાતના પ્રવાસે આવ્યા છે. ગઈકાલે ગુજરાત કોંગ્રેસના ૩૬ જેટલા ધારાસભ્યોએ તેમને મળીને ગુજરાતના મુખ્યમંત્રીના ઉમેદવાર તરીકે શંકરસિંહનું નામ જાહેર કરવા અને ચૂંટણીની જવાબદારી સોંપવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાના નિવાસસ્થાને ધારાસભ્યોની મળેલી બેઠક અંગે વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે કોંગ્રેસમાં કોઈ જૂથવાદ નથી. ધારાસભ્યોની જે લાગણી હતી તે અંગે ગુરૂદાસ કામત સમક્ષ રજૂઆત કરવામાં આવેલી છે. ગુજરાત કોંગ્રેસના નેતૃત્વ અંગે ચૂંટણીની જવાબદારી સોંપવા વિપક્ષના નેતા પદ અંગે જે કોઈ નિર્ણય લેવાનો હશે તે હાઈકમાન્ડ કરશે. કોંગ્રેસમાં કોઈ જૂથવાદ નથી. ભાજપ ઉપર પ્રહાર કરતાં તેમણે જણાવ્યુ હતુ કે ભાજપ કોંગ્રેસના ૨૦ જેટલા ધારાસભ્યોનો સંપર્ક કરીને તેમને ભાજપમાં લઈ જવા માટે દબાણ કરી રહ્યુ છે. પરંતુ કોંગ્રેસમાંથી કોઈ ભાજપમાં જવાનુ નથી.

# ૨૧મીથી સોમનાથ ખાતે ભાજપા પ્રદેશ કારોબારી

### ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રીનું સન્માન અને નવનિયુક્ત પ્રદેશ પ્રભારીનું સ્વાગત થશે

અમદાવાદ, તા.૧૮

પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આગામી તા. ૨૧ અને ૨૨ એપ્રિલના રોજ સોમનાથદાદાના સાનિધ્યમાં ભાજપાની પ્રદેશ કારોબારી રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની વિશેષ ઉપસ્થિતિ અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી ડૉ.દિનેશજી શર્મા, રાષ્ટ્રીય મહામંત્રી અને નવનિયુક્ત પ્રદેશ પ્રભારી ભુપેન્દ્રજી યાદવ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરશોત્તમ રૂપાલા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી.સતીષજી, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલની હાજરીમાં યોજાશે.

કારોબારીની વિગતો આપતા પ્રદેશ અધ્યક્ષએ જણાવ્યું હતું કે, તા. ૨૦ એપ્રિલે પ્રદેશ હોદ્દેદારઓ, પ્રદેશ મોરચાના પ્રમુખઓ, જીલ્લા મહાનગરના પ્રભારીઓ અને પ્રમુખઓની બેઠક યોજાશે. તા. ૨૨ એપ્રિલના રોજ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પ્રદેશ કારોબારીમાં ઉપસ્થિત રહીને સમાપન માર્ગદર્શન આપશે. ઉપરાંત તા. ૨૨ એપ્રિલના રોજ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશના પૂર્વ પ્રભારી ડૉ.દિનેશજી શર્માનું સન્માન તેમજ રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશના નવનિયુક્ત પ્રભારી ભુપેન્દ્ર યાદવનું સ્વાગત કરવામાં આવશે. આ કારોબારીમાં રાજકીય અને અભિનંદન પ્રસ્તાવ ઉપરાંત સંગઠનાત્મક બાબતો અને પક્ષના આગામી કાર્યક્રમોની ચર્ચા વિચારણા હાથ ધરાશે. સોમનાથ ખાતેથી આ પ્રદેશ કારોબારીમાં ૫૦૦ કરતા વધુ સદસ્યો ઉપસ્થિત રહેશે.

વાઘાણીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીના લોકકલ્યાણના કાર્યોને કારણે ઉભી થયેલી લોકચાહના રાજ્યમાં યોજાયેલા બે દિવસના કાર્યક્રમોમાં પ્રતિબિંબિત થઈ છે. ઉત્સાહિત વિરાટ જનસમુદાયથી કોંગ્રેસ હતાશ થઈ ગઈ છે. લોકપ્રિયતા અને વિશ્વસનીયતાનો જેનો ગ્રાફ તળિયે છે તેવી કોંગ્રેસ તળિયે આવી ગઈ છે. કોંગ્રેસ પ્રજા સમક્ષ જઈ શકતી નથી, કાર્યક્રમો આપી શકતી નથી. જુઠ્ઠા અને વાહિયાત આક્ષેપ કરતા પહેલા કોંગ્રેસ પોતાના આયનામાં જોઈ લે.



સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્ર , (રમત -ગમત યુવા સાંસ્કૃતિક પ્રાવૃત્તિઓ વિભાગ) બનાસકાંઠા ની ટીમ દ્વારા ન્યુ દિલ્હી પાર્લામેન્ટ હાઉસ ખાતે મા.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જી ની સુભેચ્છા મુલાકાત લીધી હતી.અને ચાર રાજયમાં મલેલ જવલંત સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા. ચૈત્રી પૂનમના પવિત્ર દિવસે ભારતવર્ષના હૃદયસમ્રાટ અને લોકપ્રિય પ્રધાનમંત્રીને પ્રગતિના પથ પર આગળ વધવા ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવી હતી.


# સોમનાથ દાદાના મંદિર આસપાસ સ્વચ્છતા કાર્ય

અમદાવાદ, તા.૧૮

વિશ્વ પ્રસિધ્ધ અને ભારતના બાર દિવ્ય જ્યોતિલિંગમાના પ્રથમ એવા દેવાધિદેવ ભગવાન શ્રી સોમનાથ મહાદેવ મંદિરની આસપાસનો વિસ્તાર હવે રાષ્ટ્રીય કક્ષાની સ્ટાન્ડર્ડ કંપની સાફ સફાઈ અને સ્વચ્છતા કરશે. રાજય યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા દેશ વિદેશથી સોમનાથ આવતા યાત્રિકો ભાવિકો પર્યટકો સારી છાપ લઈને જાય અને ભારતના વડાપ્રધાનના સ્વચ્છતા અભિયાનને સાકાર કરવા પુનાની ભારત વિકાસ ઈન્ડિયા લી. ગ્રુપ કંપનીને એક વરસ સુધી સોમનાથ મંદિર આસપાસનો વિસ્તાર સાફ સફાઈ સ્વચ્છ રાખી ચોખ્ખુ ચણક રાખવા કામગીરી સોંપી છે. આ અંગે ૮૦ માણસોના સ્ટાફથી સફાઈ કામગીરી દરરોજ જળવાય તે માટે ડબલ સીફટથી કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં એક સીફ્ટ સવારે ૭ થી બપોરે ૨ અને બીજી બપોરે ૨ થી રાત્રે ૧૦ કાર્યરત તમામ કર્મચારીઓને યુનિફોર્મ, આઈકાર્ડ, બ્રસ, ઝાડુ, ડસ્ટબીન, લાર સહિતના સાધનો અપાયા છે અને માર્ગ ઉપરની ડસ્ટ દુર કરવા યાંત્રિક ઉપકરણ આવનાર છે. કંપનીના ઓપરેશન મેનેજર સુધાકર ભોંસલેના જણાવ્યા અનુસાર આ કંપની હસ્તક રાષ્ટ્રપતિ ભવન દિલ્હી, પાર્લામેન્ટ હાઉસ, પ્રધાનમંત્રી આવાસ, વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ અમદાવાદ, શેરડી સાંઈબાબા મંદિર, દ્વારકા તીરૂપતી બાલાજી સહિતના સ્થળોએ આ કંપનીના કર્મચારીઓ સફાઈ માટે કાર્યરત છે.

## આ પણ વાંચીએ...

### માત્ર ૭૨ રૂપિયામાં અહીં મળે છે ઘર



આપને સાંભળીને ભલે મજાક લાગી રહી હોય પરંતુ ઈટાલીમાં માત્ર ૭૨ રૂપિયામાં ઘર મળી જાય છે. ઈટાલીના ગાંગી, સિસલી, કેરેગા લીગર, પિડમોન્ટ અને લેક વિસ્તારમાં માત્ર ૭૨ રૂપિયામાં ઘર વેચાઈ રહ્યા છે. આટલી ઓછી કિંમત હોવા છતાં તેને ખરીદદાર મળતા નથી. કારણ કે આ વિસ્તારો ભૂતિયા વિસ્તાર તરીકે જાણીતા છે.

### અલંગમાં તૂટવા આવી તરતી હોટલ



અલંગ શિપબ્રેકિંગ યાર્ડમાં શિપમાં બનાવવામાં આવેલી તરતી હોટલ તૂટવા માટે આવી છે. આ જહાજમાં આધુનિક થીયેટર, બારરૂપ, અદ્યતાના ક્રોકરી, સ્પા, જીમ સહિત તમામ લકઝરી છે. અલંગમાં લંગારવામાં આવેલી આ તરતી હોટલ મુલાકાતીઓમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. આ જહાજમાં ખૂબ જ કિંમતી અને લકઝરી આઈટમો હોઈ રાજકીય અગ્રણીઓ અને સરકારી અધિકારીઓની દખલ વધી જાય તેવો ભય હોવાથી તેને કિનારાથી દૂર લંગારવામાં આવી છે.

### નસવાડીની ૯ વર્ષીય બાળાએ પૂર્ણ કરી નર્મદા પરિક્રમા



નસવાડીના પટેલ પરિવારની ૯ વર્ષીય દિકરીએ સતત ત્રીજા વર્ષે ૧૬ કિ.મી.ની નર્મદા નદીની કઠિન પરિક્રમા પૂર્ણ કરી છે. ચૈત્ર માસમાં નર્મદા પરિક્રમાનું અનેરૂ મહત્વ છે. નસવાડીના ડૉ. રાહુલ પટેલ અને ડૉ. મેઘા પટેલની દિકરી પરા પટેલે માત્ર ૬ કલાકમાં આ યાત્રા પૂર્ણ કરી છે.

### માર્ગોની સુધારણા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગળ વધી શકી નથી. જયારે નવા સેકટરોમાં પણ માર્ગોની હાલત ઉબડ ખાબડ છે. જેમાં સે ૧ થી ૫ માં આંતરિક માર્ગો સ્થાનિક રહીશો માટે હાલાકીનુ કારણ બન્યા છે. માર્ગો પર મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. થોડા સમય અગાઉ કોર્પોરેશન દ્વારા સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા માટે રૂ ૫ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. જો કે આ રકમમાંથી માત્ર સે-૧ અને ૨ માં જ આંતરિક માર્ગોનુ કામ હાથ ધરાશે. જયારે સે-૩ થી ૫ માં માર્ગોનુ કામ હાથ ધરવા માટે તંત્ર દ્વારા વિભાગ કક્ષાએ દરખાસ્ત રજુ કરવામાં આવી છે. જેને પણ ટુંકમાં જ મંજુરી મળે જશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. અલબત્ત નવા સેકટરોમાં આગામી ચોમાસા પહેલા માર્ગોની સુધારણાનુ કામ પુર્ણ કરી દેવાશે તેમ પણ સ્પષ્ટ થયુ છે. નવા સેકટરોમાં નિયત સમયના અંતે પણ હજુ માર્ગ નવિનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી નથી જેના લીધે સ્થાનિક રહીશોમાં રોષ પ્રવર્તયો છે.

### ધરપકડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મળી જતાં વિપક્ષે ફરીવાર સરકાર પર પ્રહાર કર્યા હતા. કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ કહ્યું હતું કે, એક બે કલાકની અંદર જ વિજય માલ્યાને જામીન મળી ગયા હતા.સરકારે દેશના લોકોને ગેરમાર્ગે દોરવાનું બંધ કરવું જોઈએ. કોંગ્રેસ પ્રવક્તાએ કહ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા સતત દબાણ લાવવામાં આવ્યા બાદ સરકારે આખરે ફેબ્રુઆરી મહિનામાં માલ્યાના પ્રત્યાર્પણ માટે અરજી આપી હતી. બીજી બાજુ સરકાર તરફથી નાણા રાજ્યમંત્રી સંતોષ ગંગવારે કહ્યું હતું કે, માલ્યાને ભારત લાવવામાં આવશે અને તેમની સામે જરૂરી કાર્યવાહી કરાશે.

ભારતે આ વર્ષે ૮મી ફેબ્રુઆરીના દિવસે સત્તાવારરીતે બ્રિટન સરકારને ભારત-બ્રિટન પ્રત્યાર્પણ સંધિ હેઠળ માલ્યાના પ્રત્યાર્પણ માટે સત્તાવારરીતે અપીલ કરી હતી. બીજી બાજુ પ્રોપર્ટીની હરાજી હવે લેન્ડર્સની મદદથી એસબીઆઈ કેમ્પ ટ્રસ્ટી દ્વારા કરવામાં આવી રહી છે. વિજય માલ્યાની ધરપકડ અને મોડેથી જામીન મળી ગયા બાદ આને લઈને ચર્ચાઓ રહી હતી. વિજય માલ્યાને ભાગેડૂ પણ જાહેર કરવામાં આવ્યા હતા. ગયા મહિને બ્રિટિશ સરકારે ભારતની વિનંતીને માન્ય રાખી હતી અને વધુ પગલા લેવા માટે જિલા જજને ભારતની વિનંતી મોકલી દીધી હતી. વિજય માલ્યાને ભારત સોંપવામાં આવે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે.

### ચોમાસુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્ણાટક, કેરળના અનેક વિસ્તારોમાં દુષ્કાળની સ્થિતિ સર્જાઈ ગઈ હતી પરંતુ આ વખતે આઈએમડી દ્વારા કરવામાં આવેલી આગાહી જો યોગ્ય સાબિત થશે તો ખેડૂતોને મોટી રાહત થશે. ખેડૂતો પહેલાથી જ હવામાન વિભાગને લઈને આગાહીની રાહ જોઈ રહ્યા હતા. હવામાન વિભાગ દ્વારા દર વર્ષે એપ્રિલથી જ આગાહી કરવાની શરૂઆત કરવામાં આવે છે. હવામાન વિભાગ ઉપરાંત ખાનગી હવામાન વિભાગ સ્કાયમેટ દ્વારા પણ આગાહી કરવામાં આવે છે જેમાં ઘણી વખત આંકડાઓમાં અંતર રહે છે.

### જાહેરમાં ફરે છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અલગતાવાદી સંગઠન દ્વારા યુવાનોને ઉશ્કેરવા માટેના પ્રયાસ થઈ રહ્યા છે. અલગતાવાદી અને કટ્ટરપંથી યુવાનોને ઉશ્કેરી આગળ આવવા માટે કામ કરી રહ્યાછે. એક પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે દક્ષિણ કાશ્મીરમાં હાલત ખુબ કફોડી છે. હવે પગલા લેવાનો સમય આવી ગયો છે. ૯૦ના દશકમાં આવી જ સ્થિતી સર્જાઈ હતી. આજે ત્રાસવાદની વિચારધારા સાથે જોડાનાર લોકો વધારે દેખાઈ રહ્યા છે. ત્રાસવાદીઓ અને અલગતાવાદી નેતા યુવાનોને ઉશ્કેરી રહ્યા છે. શ્રીનગર શહેરના બટમાલી વિસ્તારમાં બીએસએફનચા જવાન દ્વારા કરવામાંઆવેલા ગોળીબારમાં ૨૩ વર્ષીય યુવાનના મોત બાદ આને લઈને જોરદાર નારાજગી જોવા મળી રહી છે. યુવાનના મોત સામેના વિરોધમાં અલગતાવાદી દ્વારા કરવામાં આવેલી હડતાળની હાકલના લીધે કાશ્મીર ખીણમાં આજે જનજીવન ખોરવાઈ ગયું હતું.

### ભાજપમાં જોડાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા હતા. લવલીને ભેંટ આપીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ગાળા દરમિયાન દિલ્હી ભાજપના અધ્યક્ષ મનોજ તિવારી, વરિષ્ઠ નેતા વિજય ગોયેલ, પૂર્વ દિલ્હીના સાંસદ મહેશગિરી પણ ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ રહી ચુકેલા લવલી શિલા દીક્ષીત સરકારમાં પ્રધાન તરીકે હતા. વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની હાર થયા બાદ તેમને દૂર કરી દેવામાં આવ્યા હતા. લવલી ઘણા સમયથી પાર્ટીથી નાખુશ હતા અને તેમને ભાજપમાં પાર્ટીના વરિષ્ઠ નેતાઓ લઈ જશે તેમ માનવામાં આવી રહ્યું હતું. આજે આખરે લવલી ભાજપમાં જોડાઈ ગયા હતા.

### વધુ એક મુદત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેન્ડેટને મુદ્દે ફેર તપાસની કરેલી માંગણી ગ્રાહ્ય રાખવામાં આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. ગાંધીનગરના બીજા મેયર છે કે જેઓ પક્ષાંતરધારા ભંગના કેસનો સામનો કરી રહ્યા છે. બન્ને વખતે કોંગ્રેસ પક્ષે જ આ કેસ કર્યો છે તે પણ ઉલ્લેખનીય છે.

### નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

'એ વળી શું? આ વળી કંઈ નવી બલા છે.'

'જો, બલા... બલા... ના કર મારી પત્ની સાંભળી જશે. તો જોવા જેવી થશે.'

'હાં પણ તું કહે તો ખરો.'

ફેસબુક પર મને હમણાં મારી બાળપણથી, કૉલેજકાળની અને નોકરી સમયે સાથે હતાં એવી ત્રણ ફ્રેન્ડ મળી છે. તે ત્રણે મને રાખવા અને સાચવવા માંગે છે. ત્રણેમાંથી ગમે તેની સાથે રહી શકાય એવું છે. હવે હું માત્ર એટલી અસંમજસમાં છું કે કોની સાથે રહેવું.

'શું વાત કરે છે. ભાભી સાથે છૂટાછેડા લીધા વિના કુટુંબ સમાજ, એનો કંઈ વિચાર પણ ન કર્યો. એ બધી છે કોણ?'

'ધીરજ, ઘર બધું કહું છું.'

'એક તો એ વનીતા, બાળપણમાં ગામડાંની ધૂળમાં અમે સાથે રમ્યા છીએ. હાઈસ્કૂલ સુધી અને સાથે જ હતા. ઘેર જતાં વનીતા મારું દફતર ઉંચકી લેતી. લેશન પણ કરી આપતી. હું સારાં કપડાં પહેરું ત્યારે મારા ખુબ વખાણ કરતી. પણ હું તેની લાગણી સમજી શક્યો નહીં. તેનાં લગ્ન થઈ ગયા ને એ મારા જીવનમાંથી જતી હતી.'

'અને બીજી?'

'પ્રિયા, તે મારી સાથે કૉલેજમાં ભણતી હતી. પાડોશમાં જ રહેતી. એન એકબીજાને ખુબ જ પ્રેમ કરતાં હતાં. સાથે રહેવાના કોલ પણ આપી દીધેલાં. પણ એક દિવસ એક પરદેશી પોપટ આવ્યો અને તેને લઈને ઉડી ગયો. તે અત્યારે લંડનમાં રહે છે.' મનોહરે કહ્યું.

'અને ત્રીજી'

'સુષ્મા, મને ઑફિસના દરેક કામમાં ખુબ મદદ કરતી. ખુબ માયાળું હતી. ઑફિસમાં ઘણા લોકો તેને લાઈન મારતા પણ એ કોઈને ગાંઠે એમ ન હતી. તેને મારા પ્રત્યે કુંણી લાગણી ખરી પણ હું પરણેલો અને બાચરવાળ તેથી અમારી વચ્ચે માત્ર સારી મૈત્રી હતી. તેણે જીવનભર લગ્ન કર્યા જ નથી. પણ જિંદગીના પાછળ પડાવે હવે પસ્તાય છે.'

'એ તો બધું ઠીક પણ તેમાં તારે રાજી થવા જેવું શું છે ?' સુનિલ બોલ્યો.

'એ તો વાત છે. ફૅસબુક દ્વારા પરિચય થયા પછી તે ત્રણે મને લીવ ઈન રિલેશન્સમાં રાખવા તૈયાર છે. માત્ર પસંદગી માટે કરવાની છે.'

'કેમ?'

'વાત એમ છે કે વનીતાનો પ્રતિ એક કાર અકસ્માતમાં મૃત્યુ પામ્યું છે. તે વિધવા છે. ત્રણ પુત્રીઓ હતી. તેને તેણે પરણાવી દીધી છે. એકલતા દૂર કરવા તેણે મને ઓફર કરી છે.'

'વાહ...'

'બીજી પ્રિયા, તેની ડિવોર્સ થઈ ગયા છે. લંડનમાં એકલી રહે છે. મારા જેવા જ મિત્રની તેને તલાશ છે. તેની સાથે મારે ગયા વિકમાં જ વીડિયો કોલીંગથી વાત થઈ. આજે પણ કૉલેજમાં લાગતી એટલી જ એ સુંદર લાગે છે.'

'ભાઈ, તું તો ખોટી ગયો.' પણ પેલી ત્રીજીનું શું ?

'સુષ્મા, હજુ કાચી કુંવારી છે. લગ્ન ન કરવા બદલ ખુબ પસ્તાઈ છે. કુટુંબમાં કાઈ છે નહીં. હમણાં તે પણ નિવૃત્ત થઈ છે. તે પછી એકલતા તેને કોરી ખાય છે તેથી મારો સાથ ઝંખે છે.'

'તો પછી તેં શું નક્કી કર્યું ?'

હું થોડીવાર માટે તો કન્ફયુઝ થઈ ગયેલો પણ મને હવે રસ્તો મળી ગયો. જેથી હવે ખુશ છું.

'એવું તે શું બન્યું.'

મેં આ બધી વાત તારી ભાભીને કરી ત્યારથી એ ડિપ્રેશનમાં છે. પણ મેં કહ્યું, ગાંડી એવું તે કંઈ હોતું હશે.

### હેલ્લો ફ્રેન્ડસ ● ૪ પાનાનું ચાલુ...

કુંતલ : એટલે તમે ક્રિકેટ જોતાં જ નથી? તમને સચિન તેંડુલકર ખબર છે ?

રિક્ષાવાળો - ૩ : નામ સાંભળ્યું છે, આપણાં અમદાવાદનો છે ?

(હવે કુંતલભાઈને માથું પછાડવાનું જ બાકી રહ્યું, સાલાને ક્રિકેટમાં ખબર પડતી નથી ને મારી મેચ ખોવાશે, એ ઘરે પહોંચ્યો છેલ્લે ઓવરનો રોમાંચ જોયો, ભારત વર્લ્ડ ચેમ્પિયન બન્યું, પણ રિક્ષાવાળો ક્રિકેટ જોતો નથી એ આઘાતમાંથી નીકળતાં કુંતલને વાર લાગી.)

'પીયુ મન ભાવન' નાટક લખતી વખતે કુંતલ નિમાવતને આ ત્રણેય રિક્ષાવાળા યાદ આવ્યાં. આજે જેને જેટલી માહિતી વધું એ વધુ જ્ઞાની એનું કહેવાય છે. એમાંય ક્રિકેટ, રાજકારણ અને ફિલ્મ તો ખાસ... પણ, આ વિષયની ખબર ન હોવા છતાંય સુખી અને શાંત એવા ત્રણ રિક્ષાવાળ એક નવો જ સંદેશો આપી ગયા.

ચૂંટલો :

ફિલ્મ, ટીવી, અખબાર કે સ્માર્ટ ફોન વગર ન જ ચાલે, એવી આપણી માન્યતા કેટલાય બિરાદરો ખોટી પાડે છે. આ બધા વગર પણ જિંદગી ખુશીથી જીવી જ શકાય છે એવો લેસન અજાણતાં જ આ ગાંધીજીના ત્રણ વાંદરા જેવા રિક્ષાવાળા શીખવી ગયાં, જો સમજાય તો !

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in